





અટકાવશે કેમ! મૂલ્યો તો વહે છે ચારણામાંથી!
પરખાય પગલાં સંસ્કૃતિ-વહુનાં બારણામાંથી!
પડે ધારણા ખોટી, પ્રતારણા રાખો ગમે તેટલી -
આપી દો ને છૂટ! 'સંબંધો'ની હવે તો પારણા માંથી..
(વય નો વિવાદ)




કર્યો ઠરાવ,
- પાકિસ્તાન વિરૂધ્ધ?!
વાહ સાહસ..!
(આપણા સાંસદોની હિંમત!)

થયા તો ખરા!
જિંદગીમાં પ્હેલી વાર -
સર્વ-સંમત!
(આપણા સાંસદોનો સંપ)

## ચિંતન

**ગીત-શાસ્ત્ર-વિનોદેને કાલો ગચ્છતિ ધીમતામ્ ।**
**વ્યસનેન તુ મૂર્ખાણાં નિદ્રમા કલહેન વા ॥**

'બુધ્ધિશાળી-વિદ્વાન-પંડિતોનો સમય ગીત-સંગીત- અને શાસ્ત્ર વિનોદમાં જ પસાર થાય છે પરંતુ મૂર્ખ-આળશુ લોકોનો સમય વ્યસન, નિંદ્રા અને કલહ-કંકાસ અને ખોટી ખટપટમાં જ જાય છે.'

ગીત સંગીતમાં જે ભાવ-વેદના-શબ્દ શક્તિ-તાલ અને ગૂંજની અનુભૂતિ છે તે હૃદયના તાર ઝણઝણાવી દે, આવી અનુભૂતિ સંગીતને જે લોકો હૃદયથી માણી શકે તેને જ થાય છે. ભજનનાં શબ્દો કે સૂફી સંતની વેદના આત્માને ઢંઢોળી જાય છે. એવી જ રીતે સાહિત્યની અનુભૂતિ-નવલકથા-વાર્તા-કાવ્યની રસાનુભૂતિ તમારા હૃદયને વીંધી આરપાર નીકળી જાય છે. આંસુનાં આરા છલકાવી જાય, આનંદના ઓવારા મલકાવી જાય, તમારી પાસે સંવેદનાશીલ હૈયું હોવું જોઇએ - શરદબાબુની નવલકથાઓમાં રહેલી ભાવ અભિવ્યક્તિની વેદના એવા કરૂણરસમાં નવડાવી ને તમારા હૃદયને માંજીને ચોખ્ખું કરી નાખે - અને એટલા માટે જ 'કાશીનાથ' મે ચારથી પાંચ વાર વાંચી... માત્ર રડવા માટે જ!

જયારે આળશુ લોકોનો સમય એમની પ્રવૃત્તિઓ ને જ સતાવતો હોય છે. કોઇ પણ વ્યસન-ટેવ (પત્તાં-રમત-ટીવી-ફિલ્મો-વિડિયો જેવી) કે નિંદ્રા થોડીવાર થાય અને થાક લાગે-ઊંઘ આવે-અથવા તો નવરાશ સાવ નવરી પડે તો કોઇની ખોદણી-કજીયો-કંકાસ-ટીકા અને ખોટી વાતોમાં ખાલી-ખાલી સમય પસાર થઇ જાય...

## સુવિચાર

- આળસ એ બધા જ સદ્‌ગુણોનું કબ્રસ્તાન છે - **રોલેન્ડ**
- કાટ જેમ લોખંડને ખાઇ જાય છે તેમ આળશ આદમીને ખાઇ જાય છે- **બેન્જામિન ફ્રેંકલીન**
- જો તમે આળશના પંથે છો તો જરૂર નર્ક સુધી પહોંચી જશો - **બિસર**
- મારી આળશ મને કામ કરવાની એક ક્ષણની પણ ફૂરસદ આપતી નથી- **આલ્ફ્રોંજ**
- આળશ એટલે નશીબને લાગેલો લકવો - **હિચકોક**
- આળશની એકએક ક્ષણ દુર્ભાગ્યના દરવાજાની ચાવી છે - **નેપોલિયન**
- આળશુ માણસ તમને જોઇને જ થાકી જાય છે - **આલ્બર્ટ લી**

## બોધ કથા

ઉપનિષદનો સૌથી પહેલો સંદેશ છે 'દૃઢ સંકલ્પ' અષ્ટાધાયીમાં પણ શુભ સંકલ્પનું મહત્વ છે. આપણે જીવન વ્યવહારમાં અવાર-નવાર જન્મ દિવસે, લગ્નતિથિનાં નૂતનવર્ષની નવલી પ્રભાત, દવાખાનાની પથારીમાં કે સ્મશાનમાં બેઠાં હોઇએ ત્યારે અનેક 'સંકલ્પ' લઇએ છીએ પણ એ 'દૃઢ' નથી હોતા - માંડ એક સપ્તાહ ચાલે-પાછા જેવા હતા તેવા...

મૂળશંકરના પિતા સરકારમાં અધિકારી હતા. મોરબી રાજયના રાજા પાસે એમનું સારૂં માનસન્માન હતું. પરંતુ મૂળશંકરનાં બ્રાહ્મણતત્વ નાનપણથી જ ઉછર હતું. દાદાની સાથે શિવપૂજન-શિવમહિમ્ન-શ્રાવણમાં લોટાં વગેરેમાં એ પ્રવૃત હતો.

મૂળશંકરે 'શિવ'નો સાક્ષાત્કાર કરી 'દર્શન' કરવાનો સંકલ્પ કર્યો, અને ઘરેથી પલાયન થઇ ગયા. મૂળશંકરના પિતાની ઇચ્છા એમને સંસારમાં લગ્નની ઝંઝાળમાં બાંધી પલોટવાની હતી. એટલે એમને શોધવા ઠેરઠેર સિપાઇઓ મોકલાવ્યા અને સિધ્ધપુરના મેળામાંથી પકડી પાડ્યા.

તેમને ખુબ સમજાવ્યા. પટાવ્યા-ધમકાવ્યા-પણ મૂળશંકર પોતાના મક્કમ નિર્ધારમાંથી ચલિત ન થયા. પિતાએ એમના પર બંધન લાધા, અને રાત્રે તેમના પર સિપાઇઓનો ચોકી પહેરા મૂકી દીધો.


થોડા દિવસ પોલીસોમાં 'એલર્ટ'ની અસર રહી પછી સિપાઇઓને થયું હવે 'નાસતો' નથી તેથી બેફિકર થઇ ગયા. અને મૂળશંકર નાશી ગયા.

અંતે અધ્યાત્મ જ્ઞાન અને તપ પછી 'સાક્ષાત્કાર' થી 'શિવદર્શન' કર્યા - અને મૂળશંકર 'દયાનંદ સરસ્વતી' પોતાના જ્ઞાનને અમૃતની જેમ સંસારના જીવોને સિંચન કરવા લાગ્યા.

# કલમ કવિતા લખવા થનગનતી હોય અને વાર્તાનું બીજ રોપાઇ જાય ત્યારે જે 'ઉઘાડ' નીકળે અને મન મંદિરમાં વસી ગયેલ વ્યક્તિની શબ્દ છબીઓનું આલબમ જો હાથવગું થાય તો તે કેવું હોય તે માટે આ પુસ્તકો તો વાંચવા જ પડે

**શબ્દ સમીપે**
**- નટવર હેડાઉ**

વિદેશ વસતાં હોય છતાં વતનની માટીની મહેંક જેમના સાહિત્યમાં એક યા બીજા પ્રકાર પ્સરતી આપણે જોઇ શકતા હોઈએ છીએ તેવા આપણા ગુર્જર સર્જકો પૂર્વ અને પશ્ચિમની વિચારધારાનો આલેખ આપતી પ્રવાહી અને રસાળ ચિત્તાકર્ષક ઘટનાઓથી ભરેલી વાર્તાઓની રચના કરી બે સંસ્કૃતિના સંઘર્ષને બદલે સમન્વય સાધવાની અને તે દ્વારા પોતાની સંવેદનાઓ વ્યક્ત કરવાની જે સાધના કરે છે. તેમાંથી આપણને વિશિષ્ટ પ્રકારની સુંદર કૃતિઓ પ્રાપ્ત થાય છે.





એક બાજુ વતનની યાદો તો બીજી બાજુ સમન્વય સાધતી સંવેદના હોય ત્યારે આ પ્રકારની વિશિષ્ટતાને કારણએ સંસ્કૃતિના સંભારણ એ બધું ભળે ત્યરે કેવી વાર્તાઓ મળે તે વાંચવાની હોય તો આપણે પ્રીતમ લખલાણીની વાર્તાઓ તરફ દષ્ટિ દોડાવવી પડે.

હા, આજે મારે તમને તાજેતરમાં પ્રગટ થયેલા 'ઉઘાડ' વાર્તા સંગ્રહની વાત કરવી છે. જે વાર્તાઓ વિષે લેખક ખુદ કહે છે કે 'આ વાર્તા સંગ્રહ મારા માટે એક યાત્રીની યાત્રા સમાન છે. પ્રવાસે નીકળેલા પ્રવાસીના પ્રવાસમાં જો ભક્તિ ભળી જાય તો તેના પ્રવાસ તેના માટે યાત્રાનું રૂપ ધારણ કરી લે છે. આ સંગ્રહની લગભગ તમામ વાર્તા મારી કલમ કવિતા લખવા થનગનતી હોય તે ક્ષણે જ મારાથી વાર્તાનું બીજ રોપાઈ ગયું હોય છે. આ અમૂલ્ય ઘડીને હું 'ઉઘાડ' થી વિશેષ શું કહી શકું?'

'ઉઘાડ' વાર્તા સંગ્રહમાં કુલ ૧૬ વાર્તાઓ છે. જેમ કે, તુલસી કયારો, ધુમાડો, રંગ, માળો, ઉઘાડ, ચિંધવા, મહાપ્રસાદ, વાસણ,પધરામણી, એન્કાઉન્ટર, ઘર, સમજણ, વાત મારી માન, બા ચાલો ઘેર, અશ્રુધારા, મહોરૂં વગેરે.

આ વાર્તાઓ ફળિયાના કુંડામાં માવજતથી સારા ખાતર પાણી સાથે ઉછેરેલા છોડ જેવી નથી પણ સીમ શેઢે ટાઢ, તડકો અને પવન સામે બાથ ભીડતા ઉગી નીકયેલા છોડ જેવી છે. તે વાતની પ્રતિતિ વાર્તાઓમાંથી પસાર થતાં વાચકને થયા વિના રહેશે નહીં. લેખકે પોતાના નિવેદનમાં એકરાર કર્યો છે કે મેં ગુજરાતી સાહિત્યના નામાંકિત લેખકોની કૃતિઓ વાંચી નથી પણ એ બાબત તેમના માટે આશીર્વાદ રૂપ નીવડી હોય તેમ પણ લાગે છે, કારણ કે તેમની વાર્તાઓમાં કોઈની છાયા ને બદલે નરી મૌલિકતા અને સચ્ચાઈનો રણકો આપણે સાંભળી શકીએ છીએ. વાર્તાની માંડણી, તેના સંવાદો, પાત્રના મનોજગતને વ્યક્ત કરવાની સર્જકની આગવી રીત અને તે પછી અંતે એક નવા જ 'ઉઘાડ'નો અનુભવ સંગ્રહ લગભગ બધી જ વાર્તાઓમાં થાય છે. તે સાથે સાથે વાચકને કંઈક નવો સંદેશ પણ મળે છે. જેમ કે તુલસી કયારો વાર્તાના અંતમાં લેખકે બાના પાત્રના મુખે કહેવડાવ્યું છે કે આંગણામાં ભલે તુલસી કયારો ન હોય તો કંઈ નહીં પણ ઘરમાં બે ચાર સારાં પુસ્તકો હોવા જોઈએ. ખરેખર! મારી દષ્ટિએ તો પુસ્તકો ફકત ઘર આંગણના મહેંકતા તુલસી કયારા છે. તો રંગ વાર્તામાં સીધો કોઈ સંકેત આપવાને બદલે આ સંવાદ ઘણું કહી જાય છે. 'તો પછી ભલા અમૃતલાલ, ભૂલી જાવ તમે ભૂતકાળના એ કાળા રંગને, રંગાઈ જાવ આજે અલી સાથે ધુળેટીના રંગે.'




આ તો માત્ર જરાક તમને વાર્તાઓ વિશે રસ જાગે તે માટે લખ્યું છે. બાકી રસ તરબોળ થવા તો વાર્તાઓ તમારે વાંચવી જ રહી. લેખક નો આ ત્રીજો વાર્તા સંગ્રહ છે. આ પહેલાં 'દૃષ્ટિકોણ' અને 'નાયગરાં તારા ગુંજતા પાણી' નામે બે વાર્તા સંગ્રહો પ્રગટ થઈ ચુક્યા છે. હજુ પણ વધુ સારી વાર્તાઓ તેમનાં તરફથી આપણને મળતી રહે તેવી શુભ ભાવના સાથે 'ઉઘાડ'ને આવકારૂં છું.

**ઉઘાડ : (વાર્તા સંગ્રહ)**
**લેખક : પ્રીતમ લખવાણી**
**પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ**
**કિંમત : રૂા. ૮૫/-**

કોઈ વ્યક્તિની છબી પહેલી નજરે જ હૃદયમાં કોરાઈ જાય છે તો કોઈની એક લાંબા પરિચય પછી કાયમ એક યાદ રૂપ વસી જતી હોય છે, જેને આપણે અનુભવી તો શકીએ છીએ પણ વ્યકત કરવામાં મુશ્કેલી પડતી હોય છે. પણ જો તેને વ્યક્ત કરનાર સહૃદય સર્જક હોય તો આવી છબીઓ શબ્દના આલ્બમમાં સજાવીને આપણી સામે ધરી દે છે ત્યારે આપણે કહી ઊઠીએ છીએ. 'વાહ! આજ વાત તો હું કહેવા માંગતો હતો.'

'શબ્દના આલ્મબમાં' પુસ્તકની વાત આજે કરવી છે. જેમાં લેખકના મનમંદિરમાં કેટલીક વ્યક્તિનાં પાસપોર્ટ સાઈઝનાં, તો કેટલાકમાં પોસ્ટકાર્ડ સાઈઝનાં, કેટલાક માણસોનાં લાઈફ સાઈફનાં ફોટોગ્રાફ બિરાજમાન થયા છે. હૃદય-મનમાં સમાયેલાં આ તમામ બુધ્ધિ ધનથી શબ્દ છબિને લેખક શબ્દના કેમરે, શબ્દના લેન્સે, શબ્દના આલબમમાં ગોઠવી છે.

શબ્દના આ આલબમમાં ગમતાનો ગુલાલ કરાવતા મકંરદ દવે છે તો વિશ્વના હોઠો પર કરેલું ચુંબન રૂપે રમેશ પારેખ સાથેનાં ચાર દિવસનમાં સંસ્મરણોની છબી પણ મળે છે. છલકાતી કાવ્ય ચેતનાના કવિ સુરેશ દલાલની સાથે સાથે 'નયનને બંધ રાખીને, મેં તમને જોયા છે' માં લેખક મનહર ઉધાસની સંગીત મઢી શબ્દ છબિ ઉપસાવી આપે છે. આજીવન સર્જક ચંદ્રકાન્ત બક્ષી હોય કે પછી અસ્મિતાની નિર્માતા કનૈયાલાલ મુનશી તેમની શબ્દ છબીઓ લેખકે આબેહુબ આલેખી છે. તે સાથે સાથે નામ, ધંધો, ધર્મને જાતિ ગઝલ એવા આ દિલ મનસુરી હોય કે મહેંક ભીના માણસ ગુલાબભાઈ જાની તેમની સાથે ઉત્સવ ઘેલા હરીશ પટેલને કંડારવાનું લેખક ભૂલ્યા નથી. તે છતાં પાંપણે ઝુલે બા નું સ્મરણ, અને બચુ ગાંડો જેવા શબ્દો તો આપણને વાંચતાં વાંચતાં વિચારતા કરી મુકે તેવાં છે. લેખક તે અંગે પોતાના નિવેદનમાં એકરાર કરતાં લખે છે કે આ શબ્દનું આલબમ મારા માટે એક દોસ્તીના, પ્રેમનાં નજરાનાથી વિશેષ કંઈ નથી. ઈશ્વરનો હું આભારી છું કે મારી યાત્રા, મારો પ્રવાસ અહીં આ ધરા પર પૂર્ણ થાય તે પહેલાં મન મેળામાં મળેલા મિત્રોનાં, ગમતાના ગુલાલ સમા શબ્દ ચિત્રો જે મારા મનમાં હતા તે બધાને શબ્દના આલબલમાં ગોઠવવા નો એક અવસર પ્રાપ્ત થયો. લેખકની એ વાત પણ મને તો બહુ ગમી જેમાં લેખક કહે છે કે શબ્દપ્રીત ના કારણે જ આજ લગી જે વ્યક્તિને હું મળી શક્યો નથી તેવી વ્યક્તિના હૃદય સાથે મારા મનમાં રણઝણતા તારને મેં જોડી દીધા છે. શબ્દની આંગણીએ ફરતાં મનમેળામાં અગણિત નામી અનામી વ્યક્તિ સાથે મારો પરિચય થયો છે. ઘણી વ્યક્તિનો પરિચય સમય જતાં પ્રેમમાં પલટાઈ ગયો છે. મારા પરિચયમાં આવેલ તમામ વ્યક્તિને મારી કલમે તેની પોતાની નજરે નીહાળી છે. મારી કલમ જો ઈચ્છતી હોય કે પરિચયમાં આવેલ તમામ વ્યક્તિનું એક શબ્દચિત્ર દોરી હું મારા શબ્દના આલબમમાં મઢાવી દઉં. પરંતુ આ વાત જેટલી વિચારવી સરળ છે. એટલી શબ્દના આલબમમાં મુકવી બહુ જ કઠીન છે. કારણ કે પ્રિય વ્યક્તિના કે મિત્રોનાં શબ્દ ચિત્રો દોરતાં એક વાતનો ખ્યાલ જરૂર રાખવો પડે છે કે કલમને અજાણતાં કયાંક મધપૂડો કે ઝેરપૂડો વગળે નહીં. અહીં આ શબ્દના આલબમમાં કોઈ વ્યક્તિ પ્રત્યે પૂર્વગ્રહ કે પક્ષપાત કર્યા વિના નર્યા પ્રેમથી નિજાનંદે તેમનો પારદર્શક અને આત્મીય પરિચય આપ્યો છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ... માત્ર મસ્તી માટે લખાયેલાં અને પહેલી નજરે હાસ્યજનક લાગતા આ બહાનાં ખરેખર તો શરમજનક છે પણ કોઈનાં માટે પ્રેરણાજનક ના બને એવી આશા

**હું રસ્તે રઝળતી વારતા**
**- અયના પટેલ**

સામાજિક ફરજ કે નિસબતના ભાગરૂપે રક્તદાન પણ એક કરવા જેવું કામ છે, પંરતુ સારા કામમાં સો વિઘન કહેતા એક એકથી ચડિયાતા સો બહાનાં સૌને મળી જ રહે છે. પ્રસ્તુત છે એવાં ૧૦૦ બહાનાં કે જે આગળ ધરીને અત્યાર સુધીનાં ૧૦૦ રક્તદાન ટાળી શકાયા હોત.... માત્ર મસ્તી માટે લખાયેલાં અને પહેલી નજરે હાસ્યજનક લાગતા આ બહાનાં ખરેખર તો શરમજનક છે પણ કોઈનાં માટે પ્રેરણાજનક ના બને એવી આશા.

જોઈએ આવા બહાનારૂપી કારણો

**● સામાજિક કારણો :**

- યાર, એક બેસણામાં જવું પડે એવું હતું.
- મારી સાળીના દીકરીના દીકરાની બાબરી હતી.
- યાર, તારી ભાભી જ બધું જ લોહી પી જાય છે.
- અમારા વેવાઈ બીમાર છે, એમને કદાચ જરૂર પડે અને એ વખતે આપણે કહીએ કે હમણાં જ આપ્યું છે તો એમને લાગે કે આપણે બહાનાં કાઢીએ છીએ, એટલે હમણાં રહેવા દેને, પછી કૈંક ગોઠવીશું.
- યાર આ બધી કંકોતરીઓમાં ઢગલામાં તારૂં કાર્ડ કયાં ખોવાઈ ગયું એ જ ખબર ન પડી.
- તે મારા પિતરાઈને પણ બોલાવ્યો છે ને રક્તદાન માટે ? એ આવશે તો મારે યાર બબાલ થશે.
- અમારી જ્ઞાતિમાં જરૂરિયાતમંદોને નોટબુકોનું વિતરણ કરવા જવાનું છે અને વિદ્યાદાન રક્તદાન જેવું જ મોટું દાન ગણાય.
- એ જ દિવસે તારા ભાભીના પિયરે પ્રસંગ છે.
- યાર આ લોકો વરઘોડા લઈને નીકળી પડે છે તેમાં અટવાઈ ગયો.
- ઘરવાળા ના પાડે છે યાર.
- પેલા લપિયો આવીને બેઠા'તો, છોડે જ નહીં યાર.
- સૉરી, યાર, હું બ્લડ રીલેશન હોય તો જ રક્તદાન કરૂં છું.

**● આર્થિક કારણો :**

- એમાં આપણને શું મળે... હૈં?
- માંદાને લોહી આપવા તો સૌ દોડે... પૈસા આપવા કોઈ જતું નથી, એટલે આપણે લોહી આપવા નથી દોડતાં... પૈસા જોઈએ તો કહેજોને યાર.
- આ લોકો સાલા, આપણી પાસેથી મફતમાં લે અને પછી એક એક બોટલનાં હજાર - દોઢ હજાર બી ઢોકી લે છે.
- પગાર વધેને શૅર બશૅર લોહી ચડે તો અડધો શૅર આપીએ.
- યાર, લોહી આપવા જવામાંય બસોનું પેટ્રોલ બળે એટલે આપીએ એટલું જ લોહી વધારાનું બળી જાય છે?
- રજાના દિવસે તો કોઈ લાખ રૂપિયા આપે તો બી આપણે સાડા અગિયાર સિવાય પથારીમાંથી બહાર પણ મુક્તા નથી.
- છ રૂપિયાની ચા અને તઈણ રૂપરડીના પારલે-જી માટે કોણ આટલું લાંબું થાય?
- દુબઈમાં તો બ્લડ આપીએ તો ૫,૦૦૦ રૂપિયા આપે છે?

**● માનસિક કારણો :**

- મને તો ત્યાંનું વાતાવરણ જોઈને જ કૈંક થઈ જાય છે.
- બ્લડ આપે કોઈ મહાન બન્યું છે?
- બધા આપે એટલે આપવું જરૂરી થોડું છે?
- સારી પ્રવૃત્તિ છે પણ મને બહુ અપીલ નથી કરતી.

**● શારીરિક કારણો :**

- મને જોઈને એ લોકો કહેશે કે આમને જ લોહી ચડાવી દો.
- હમણાં સીઝન એવી છે ને કે લોહી ઘટે તો માંદા પડી જવાય.
- મારૂં હિમોગ્લોબિન ઓછું છે યાર
- હમણાં મારા દાંતની ટ્રીટમેન્ટ ચાલે છે.
- મને પારલે-જી ભાવતાં નથી ને ચા-કૉફી હું પીતો નથી. પછી શરીરમાં શક્તિ કેવી રીતે આવે?
- હમણાં જિમમાં જવાનું શરૂ કર્યું છે, થોડું બોડી બને પછી આપું.
- મારૂં વજન ૫૦ કિલોથી ઓછું છે.
- હમણાં યાર ઊંઘ પુરી નથી થતી, પછી અશક્તિ આવી જાય છે.
- હમણાં છે ને યાર, આ ભાગદોડમાં ખાવાનાં ઠેકાણાં નથી પડતાં, એમાં કયાં લોહી આપવું!
- હું યાર છે ને, હમણાં હાફ સ્લીવના જ શર્ટ પહેરૂં છું, બધા પુછ પુછ કરે છે : શું થયું, શું થયું?

**● વૈજ્ઞાનિક કારણો :**

- મેં ગઈ વખત લોહી આપ્યું ત્યારે ઈન્ફેકશન થઈ ગયું હતું - સામેવાળાને.
- સાંભળ્યું છે કે ચીનવાળા પ્રયોગશાળામાં લોહી બનાવે છે. આપણેરક્તદાન શિબિરોકરવાનેબદલે રિચર્સમાં ધ્યાન આપવું જોઈએ.
- હવે પછીનું બ્લડ ડૉનેશન સ્પેસ સ્ટેશનમાં કરવાનું મેં નક્કી કર્યું છે.
- લોહી અમુક સમય સુધી ના વપરાય તો ફેંકી દેવું પડે છે, એટલે ખાલી ખાલી નહીં આપવાનું
- આ લોકો બ્લડ ચડાવતી વખતે બરોબર ચૅક ના કરે તો પેશન્ટ ઉકલી પણ જાય, એનાં કરતા આપવું જ નહીં.
- આ લોકો તો કહે, પણ એવું કંઈ ૨૪ કલાકમાં લોહી બની નથી જતું.

**● ધાર્મિક કારણો :**

- હું યાર... શનિવારને સોમવાર, બેય કરૂં છું.
- હમલાં અમારે સૂતક ચાલે છે.
- અમારામાં આનો બાધ છે.
- એકવાર સારો દિવસ જોઈને આપી જ દેવું છે.
- સૉરી દોસ્ત, હું કો ઈપણ પ્રકારનું દાન દેતો નથી કે કોઈ પણ પ્રકારનું દાન આપતો નથી.

**● મેડિકલ કારણો :**

- મને સોયની બહુ બીક લાગે એ છે, બાકી, સોય નાખ્યા વગર લોહી તમતમારે જોઈએ એટલું જાવ.
- લોહી આપ્યા પછી 'સ્પિરિટ' લગાડવાના બદલે ટટકાડનો હોય તો વિચારૂં.
- મને સોયની નહીં, સિસ્ટરની બીક લાગે છે.
- તમતમારે અડધી રાતેય બ્લડની જરૂર હોય તો કહેજોને. આપણો એક ભાઈબંધ બ્લડ બેંકમાં જ કામ કરે છે. જોઈએ એટલું બ્લડ અપાઈ દઈશું.
- જો આપણું લોહી તો છે ને યાર જલ્દી તપી જાય છે, બીજાને કયાં આપણું લોહી જેવો બનાવવો?

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રવૃત્તિ દ્વારા કાર્ય કૌશલ વિકસે તે અત્યંત જરૂરી છે

**માનવનિષ્ઠ કેળવણી - કેટલાક આયામો**
**- મનસુખ સલ્લા**

**(ક) શિક્ષણ : વ્યક્તિગત ભૂમિકાએ**

● વિચાર અને કાર્ય વચ્ચેનું અંતર ઘટાડવા પ્રયત્નશીલ હશે.

● માનવનિષ્ઠ કેળવણીની સમજ વધુ વ્યાપક થાય અને દૃઢ થાય તે માટે સતત અધ્યયન કરશે. એવા વિચારકોનાં સાહિત્યનું સેવન કરશે.

● જાત સાથે પ્રામાણિકતા વધે તે માટે જાગૃત રહેશે. સતત આંતરનિરીક્ષણ કરશે.

●વિદ્યાર્થીઓને સમજવા માટે મન ખુલ્લું રાખશે. વિદ્યાર્થીઓન સર્જનાત્મકતા વિકસે એવી દષ્ટિ રાખશે.

● પ્રયોગો કરવા માટે તત્પર રહેશે - વિદ્યાર્થી સંબંધ અંગેનાં, વિષય શિક્ષણ, અંગેના, શિક્ષણનાં હેતુઓ અંગેનાં, પધ્ધતિ અંગેનાં, પરીક્ષા અંગેનાં, કાર્યક્રમ આયોજન અંગેનાં પ્રયોગો.

● આ દિશામાં વિચારનારા, પ્રયોગ કરનારા શિક્ષકોનો સહકાર લેવા ઉત્સુક રહેશે.

● અનુભવોની તારવણી કરી તેની નોંધ કરશે. મર્યાદા કે નિષ્ફળતાને પણ અનુભવ ગણીને તેમાંથી શીખવા પ્રયત્ન કરશે.

**(ખ) શિક્ષકનો વિદ્યાર્થી સાથેનો સંબંધ**

● શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથેનો સંબંધ પ્રેમનો હશે. મોટાભાઈમાંથી મિત્રની ભૂમિકાએ પહોંચી શકાય તેવો પ્રયત્ન કરશે.

● દરેક વિદ્યાર્થીમાં શુભ, શ્રેયસ્કર, ઉત્તમ તત્ત્વો રહેલાં છે તેવો વિકાસ રાખશે.

● વિદ્યાર્થી ગમે તે કક્ષાએ હોય પણ ત્યાંથી વિકસિત થઈ શકે તેવી શ્રધ્ધા ધરાવતો હશે.

● વિદ્યાર્થીઓ સાથેનાં વ્યવહારમાં ભય કે લાલચ કે તુલનાના કોઈ પણ માધ્યમોનો ઉપયોગ નહીં કરે. દરેક વિદ્યાર્થીને સ્વતંત્ર એકમ ગણશે. બીજા વિદ્યાર્થી સાથે તેની તુલના નહીં કરે.

● વિદ્યાર્થીને શારીરિક સજા તો નહીં જ કરે, સાથે જ વિદ્યાર્થીને અપમાનિત નહીં કરે, ઉતારી નહીં પાડે, તકવંચિત નહીં રાખે, તેનાં ગૌરવને હણશે નહીં.

● વિદ્યાર્થીને કોઈક ભણાવી દેવું છે તેનું ધ્યેય નહીં રાખે, પરંતુ વિદ્યાર્થી જાતે શીખતો થાય એ માટે ચિંતન અને પ્રયોગો કરતા રહેશે.

● વિદ્યાર્થીઓને જવાબદારી સોંપીને જવાબદાર બનવાની તાલીમ આપશે.

● વિદ્યાર્થીઓની સાથે પોતે પણ શીખઈ રહ્યાં છે તેવા ભાવથી કાર્ય કરશે.

**(ગ) વિષય શિક્ષણ અંગે નવી નજર**

● વિદ્યાર્થી જાતે શીખી રહ્યો છે તેમાં પોતે કયાંક માર્ગદર્શન, કયાંક મદદકર્તા, કયાંક મિત્ર, કયાંક નિરીક્ષક કે કયાંક માત્ર આયોજકની ભઊમિકાએ છે તેવું સ્વીકારીને વર્ગકાર્ય કરશે.

● વિદ્યાર્થીઓ સમૂહમાં - પરસ્પર કેમ શીખી શકે એ માટેની પધ્ધતિઓ સમજશે - વિકસાવશે.

● વિદ્યાર્થીઓ સ્વ-અધ્યયન તરફ વધુને વધુ કેમ વળે તે માટેનાં પ્રયોગો કરશે. શું કેમ શીખવું તેનું આયોજન વિદ્યાર્થીઓ પાસે કરાવશે.

● વિવિધ પધ્ધતિઓનો ઉપયોગ કરશે. વિષયનાં કયા એકમ માટે કઈ પધ્ધતિ ઉપયુક્ત છે તેના પ્રયોગો કરશે.

● વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાથી શીખવાની પ્રક્રિયા સરળષ રસિક અને અસરકારક કેમ થઈ શકે તેનાં પ્રયોગો કરશે. તેના ઉપયોગ અંગે વધુ જાણવા સતત ઉત્સુક રહેશે. (દા.ત. પુસ્તકો, ઈન્ટરનેટ, સીડી, ટીવી, ચાર્ટસ, નકશા, નમૂના વગેરે.)

● વિદ્યાર્થીઓ માત્ર યાદ રાખવાને બદલે ઉત્તરના વિવિધ વિકલ્પો શોધવા તરફ વળે તેવું ભાવાવરણ અને સંબંધ-સ્વરૂપ નીપજાવશે.

● વિદ્યારથી શીખવામાં ભૂલો કરે, મર્યાદા બતાવે કે કાંઈક ઊલટું કરે ત્યારે શિક્ષક ધીરજ નહીં ખુટે, પણ એને વધુ સારી રીતે શિખવવાની તક ગણશે.

● શિક્ષણનું લક્ષ્ય માત્ર વિવિધ-શિક્ષણ નહીં હોય, પણ એ વિષયો દ્વારા જીવનની સમજ વિકસે. વિદ્યાર્થી જ્ઞાનનો જીવનમાં ઉપયોગ કરોત થાય અને જીવનને વધુ સંવાદી તથા હેતુપૂર્ણ બનાવે એ રાખશે. એ નજરની તમામ વિષયોને સમજશે, વિદ્યાર્થીઓ આગળ રજૂ કરશે.

**(ઘ) વર્ગશિક્ષણ સિવાયની પ્રવૃત્તિઓનું સ્વરૂપ અને સ્થાન**

● વિદ્યાર્થીઓનો માત્ર બૌધ્ધિક વિકાસ અપેક્ષિત નથી, પરંતુ તેમનો હૃદય વિકાય થાય, સંવેદનશીલતા વિકસે, સંબંધોમાં સંવાદિતા આવે તથા નિરીક્ષકશક્તિ અને પૃથક્કરણ શક્તિ વિકસે તે અપેક્ષિત છે. કોઈ પણ બે વસ્તુ, પ્રક્રિયા, વિષય કે સંબંધમાં રહેલી એકતાને પારખે અને સમગ્રનાં સંદર્ભમાં એને સમજવાની ક્ષમતા કેળવાય તે દૃષ્ટિએ તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

● પ્રવૃત્તિ દ્વારા કાર્ય કૌશલ વિકસે તે અત્યંત જરૂરી છે. વિવિધ અંગોનાં વિવિધ કાર્યો વિદ્યાર્થીઓ સ્ફૂર્તિથી, ચોકસાઈથી, વાજબી ગતિથી, ઓછામાં ઓછાં બગાડથી અને સમજપૂર્વક કરી શકે તેવી તાલીમ અને કૌશલ મળી શકે તેવું આયોજન કરવું.

● સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું વિદ્યાર્થીઓનાં વિકાસમાં અત્યંત મહત્ત્વ છે તે પારખવું અને સમજવું.

(દા.ત. પ્રવાસ, શિબિર, પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમો, વાંચન શિબિર, પ્રાર્થના, સફાઈ, બાગની સંભાળ, ઉત્સવ ઉજવણી, વનભોજન, રમત આયોજન, પર્વતારોહણ, સ્કાઉટ, શાંતિસેના શિબિર, યોગાસનો વગેરે)

● જે તે કાર્યક્રમના આયોજન અને અમલની વધુમાં વધુ જવાબદારી વિદ્યાર્થીઓને સોંપવી. તેમના અભિપ્રાયોને પૂરતું વજન આપવું. મર્યાદા નિવારણની તક આપવી. વિદ્યાર્થીઓને સાથે રાખી કાર્યક્રમને અંતે મૂલ્યાંકન કરી તારણો મેળવવા - નોંધવા. પછીથી તે અંગે શી કાળજી લઈ શકીએ તે સ્પષ્ટ કરવું.

● અમુક ચપળ, બોલકા, હોંશિયાર દેખાતા વિદ્યાર્થીઓ ઉપર જ ધ્યાન ન આપવું. કે એને જ માત્ર આગેવાની ન સોંપવી. સૌને યોગ્યતા મુજબ તક મળે તેવું યોજવું.

● વિદ્યાર્થીઓની દૃષ્ટિ વિશાળ બને, તેઓ જવાબદાર બને, તેમનામાં નાગરિક ધર્મનો વિકાસ થાય, પોતાના સિવાયનાં સજીવ - નિર્જીવ તમામની કાળજી લેવાની ભાવના જાગે તે દૃષ્ટિએ તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

● સ્થાનિક કે રાજય કક્ષાએ કુદરતી આફતો કે અકસ્માતોનાં પ્રસંગોએ વિદ્યાર્થીઓની વય મુજબ મદદરૂપ થવાય તેવું આયોજન કરવું શૈક્ષણિક દૃષ્ટિએ ખૂબ ઈષ્ટ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)